# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-01-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## સંયુક્ત પ્રશિક્ષણ કાર્યક્રમ

આકાશવાણી ભુજ તમામ શ્રોતાઓને મકર સંક્રાંતિના પાવન પર્વની શુભકામનાઓ સાથે સમાચાર જાગૃતિ વકીલ વાંચે છે

યુદ્ધ કે કુદરતી આપદા જેવી પરિસ્થિતિમાં આર્મ્ડ ફોર્સિસ અને ડિસ્ટ્રીક્ટ એડિમિનિસ્ટ્રેશન વચ્ચે સુદઢ રીતે સંકલન કેવી રીતે થઈ શકે એ ઉદ્દેશ્ય સાથે ભુજમાં દેશના સૌપ્રથમ વખત 'સંયુક્ત પ્રશિક્ષણ' કાર્યક્રમનો પ્રારંભ થયો છે. કચ્છ કલેક્ટર આનંદ પટેલ દ્વારા દ્વારા દેશભરમાંથી આવેલા ડીફેન્સ અને સિવિલ સર્વિસિસના ૩૦થી વધુ અધિકારીઓને કચ્છ કલેક્ટર કચેરી ખાતે આવકાર આપવામાં આવ્યો હતો. 'ઓપરેશન સિંદૂર' બાદ સમગ્ર ભારતમાં સૌપ્રથમ વખત ભુજ ખાતે આ પ્રકારના 'સંયુક્ત પ્રશિક્ષણ' કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. જેમાં રાષ્ટ્રની સુરક્ષા માટે 'હોલ-ઓફ-નેશન' **(Whole-of-Nation)** અભિગમને મજબૂત કરવા માટેનું આ એક ઐતિહાસિક પગલું બની રહેશે.આ 'સંયુક્ત પ્રશિક્ષણ' કાર્યક્રમના ભાગરૂપે કચ્છ કલેક્ટર કચેરી ખાતે એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સશસ્ત્ર દળો અને સિવિલ સર્વિસિસના અધિકારીઓને કચ્છ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. ભારતભરમાંથી આવેલા ડીફેન્સ તેમજ સિવિલ સર્વિસિસના અધિકારીઓને કચ્છના ભૌગોલિક વિસ્તાર, રણ, દરિયાઈ સીમા અને વિશિષ્ટ ભૂપ્રદેશ, સરહદી ગામોની સ્થિતિ, સામાજિક-આર્થિક વિકાસ, પર્યટન અને કુદરતી પડકારો બાબતે જાણકારી આપવામાં આવી હતી. ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છમાં જિલ્લા વહીવટીતંત્ર અને આર્મ્ડ ફોર્સ વચ્ચેના ઉત્કૃષ્ટ સંકલન વિશે સૌને માહિતગાર કરાયા હતા. આ ઉપરાંત, ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છના લોકોએ નાગરિક

ધર્મ નિભાવીને વહીવટીતંત્ર તેમજ સેનાને આપેલા સહયોગની બેઠકમાં પ્રસંશા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------

## કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ કચ્છમાં

સીમા સુરક્ષા દળને આગામી પાંચ વર્ષમાં વિશ્વનું સૌથી આધુનિક સુરક્ષા દળ બનાવવા સરકાર પ્રતિબદ્ધ છે અને તે દિશામાં સરકારે કામગીરી આરંભી દીધી છે એવું કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે સીરક્રીક વિસ્તારમાં નવા બનેલા ઓપી ટાવરનું ઉદ્દઘાટન કરતા જણાવ્યું હતું.

કચ્છની મુલાકાતે આવેલા કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીએ ખાવડા બીઓપીની મુલાકાત લેવા સાથે બીએસેફ જવાનોને સંબોધી ઓપરેશન સિંદૂર દરમિયાન તેમના સાહસને બિરદાવ્યું હતું.

---------------------------------------------------------------------------------

## SAER

સૌરાષ્ટ્રને દેશના સૌથી મોટા મલ્ટી સેક્ટર મૅન્યુફેક્ચરિંગ અને ઍક્સપૉર્ટ ઝોન એટલે કે, બહુક્ષેત્રીય ઉત્પાદન અને નિકાસ પ્રભાગ - **SaER** તરીકે વિકસાવાશે. રાજકોટમાં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – **VGRC**માં રજૂ થયેલા "સૌરાષ્ટ્ર ઇકોનોમિક રિજનલ માસ્ટર પ્લાન"માં આ અંગેની જાહેરાત કરવામાં આવી.

---------------------------------------------------------------------------------

## ANFT

રાજ્યના નાગરિકો કેફી પદાર્થની હેરાફેરી, વેચાણ કે અન્ય શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે કેફી પદાર્થ વિરોધી દળ – **ANTF**ના વ્હૉટ્સઍપ નંબર 99040 01908 પર માહિતી આપી શકશે. નાગરિકો નાર્કોટિક્સ હેલ્પલાઈન નંબર 1908 પર પણ ફોન કરી શકે છે. આ અંગેની માહિતી આપનારા નાગરિકોના નામ અને વિગત ગુપ્ત રખાશે.

રાજ્ય પોલીસની યાદી મુજબ, આ માહિતી રાજ્યના યુવાધનને બચાવવામાં મોટું યોગદાન આપી શકે છે. કેફી પદાર્થની હેરાફેરી રોકવા, શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ લાવવા અને નશાની લત છોડાવવા માટે કાર્યરત્ **ANTF** ગુજરાત પોલીસે આ નવી પહેલ શરૂ કરી.

**-------------------------------------------------------------------------------------------**

## મકરસંક્રાંતિ પર્વ

સૂર્યના મકર રાશિમાં સંક્રમણના પર્વ મકરસંક્રાંતિની આજે પરંપરાગત શ્રદ્ધા ઉમંગ ઉલ્લાસ થી ઉજવણી થઈ રહી છે.આ વખતે મકરસંક્રાંતનું પર્વ શતટીલા એકાદશીના આવતું હોઈ ઘણા વર્ષો પછી આવો સંયોગ સર્જાયો હોઈ ધાર્મિક દૃષ્ટિ આ પર્વ વિશેષ મહત્વ નું બન્યું છે. દિવસ ચડતાં પતંગરસિકો પતંગ ચગાવવા અગાસી ધાબા પર ચડી ને તો જાહેર મેદાનોમાં પતંગ ની મોજ માણશે પતંગો ફિરકી દોરી ની ખરીદી માટે ખાસ ઊભા કરાયેલ સ્ટોલ પર છેલ્લી ઘડીની ખરીદી માટે ભીડ જામી હતી. મિઠાઈ ની ખરીદીની પણ ભીડ જોવા મળી હતી. ભુજમાં વ્યાયામ શાળા મેદાન પર સાંસદ પતંગ મહોત્સવ ઉજવાશે.દરમ્યાન હવામાન વિભાગે આજે ઉતરાયણના દિવસે પવન સાનુકૂળ રહેશે તેવી આગાહી કરી છે તેથી પતંગ રસિકો નો ઉત્સાહ બેવડાયો છે.

મકરસંક્રાંતિના પાવન પર્વ સાથે જ **રાજ્ય સહિત** કચ્છ જિલ્લામાં ફરીથી શુભ મુહૂર્તોની રોનક જોવા મળશે. આજે બપોરે ૩ વાગ્યે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ **કરાવી** આ સાથે જ છેલ્લા એક માસથી ચાલતો કમુહૂર્તાનો સમય પૂર્ણ થતાં શાસ્ત્રોક્ત રીતે શુભઅને માંગલિક કાર્યો માટે અનુકૂળ સમય શરૂ થશે.

**-------------------------------------------------------------------------------------------**

## કરુણા અભિયાન

કચ્છમાં મકરસંક્રાતિ સહિત તા.૨૦ જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન અંતર્ગત વિવિધ કામગીરી કરવામાં આવશે. ખાસ કરીને જિલ્લામાં ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે દરેક તાલુકાકક્ષાએ કંટ્રોલ રૂમ, કલેકશન સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. આ સાથે જ કચ્છમાં વન

વિભાગ દ્વારા કરૂણા અભિયાન અંતર્ગત દરેક તાલુકા દીઠ હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે.આ સાથે ઘાયલ પક્ષી વિશે નાગરિકો એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઇન નંબર ૧૯૬૨નો સંપર્ક પણ કરી શકશે.

---------------------------------------------------------------------------------

## મકરસંક્રાંતિ – PGVCL દ્વારા અપીલ

**આજે** આગામી મકરસંક્રાંતિ પર્વને ધ્યાને રાખીને પીજીવીસીએલ ભુજ દ્વારા લોકોને સાવચેતીના વીજ અંગેની કોઈપણ ફરિયાદ ટોલ ફ્રી નં 1800 233 155 333 અથવા 19122 પર નોંધાવી **શકાશે.**

---------------------------------------------------------------------------------

## મહિલા પ્રીમિયર લીગ

મહિલા પ્રીમિયર લીગના છઠ્ઠા મુકાબલામાં મુંબઈ ઇન્ડિયન્સ ટીમે ગુજરાત **giants** ટીમને સાત વિકેટે હરાવી ટુર્નામેટમાં બીજી સફળતા મેળવી છે. જ્યારે ગુજરાતની ટીમને પ્રથમ વાર પરાજય ખમવો પડ્યો છે. નવી મુંબઈમાં રમાતી મેચમાં ગુજરાતની ટીમે 5 વિકેટ ના ભોગે192 રન કર્યા હતા.જવાબમાં મુંબઈની ટીમે 3 વિકેટ ગુમાવી193 રન કરી મેચ જીતી લીધી હતી.મુંબઈ ટીમના સુકાની હરમન પ્રીત કૌર 71 રન કરી નોટ આઉટ રહ્યા હતા.

---------------------------------------------------------------------------------